## ||ॐ  શ્રી સાઈરામ ||

## ||ॐ શ્રી સાઈ ભક્તજન હૃદયવિહારાય નમ: ॥ (૭૦).

## ભક્તોના હૃદયમાં વિહાર કરનારા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

## (વિહાર એટલે ક્રીડા કરવી)

માધવાચાર્ય કહે છે – “ ભગવાન ઉપરનો પ્રેમ એટલે જ ભક્તિ. ભગવાનને જ પોતાનો સાચો મિત્ર માનીને જે તેને પ્રેમ કરે છે, તેને જ ભક્તિ કહેવાય છે.” વિવેકચુડામણી નામના ગ્રંથમાં એવું કહ્યું છે કે-“ભક્તિ એટલે સ્વસ્વરૂપ દર્શન." જ્યારે ભગવાન શિવશંકરે એવી ઘોષણા કરી છે કે “ભજસેવાયા ...” સેવા એટલે જ ભક્તિ. ઈશ્વરની સેવા એ જ ભક્તિનું સાચું સ્વરૂપ છે.

અને આવા ભક્તોના હૃદયમાં વિહાર કરવો, રમમાણ થવું ભગવાનને હંમેશાં ગમે છે.

ગોકુળની ગોપીઓ સાથે ક્રીડા કરનારા શ્રીકૃષ્ણ, એ ભક્તોના હૃદયમાં વિહાર કરવાવાળા ભગવાનનું ઉત્તમ ઉદાહરણ છે. ગોપીઓ સાથે રાસલીલા કરતી વખતે પ્રત્યેક ગોપીને શ્રીકૃષ્ણ તેની સાથે જ ક્રીડા કરે છે એવું જણાતું હતું. અનેક ગોપીઓ અને એક જ શ્રીકૃષ્ણ, એવું હોવા છતાં બધાને આવું લાગવાનું કારણ એટલે ભગવાન તે ગોપીઓના નિર્મળ હૃદયમાં ક્રીડા કરતા હતા.

ઘણા વર્ષો પૂર્વેની આ વાત, સ્વામીના મનમાં ભક્તોના હૃદયમાં વિહાર કરવાનો વિચાર આવ્યો હશે. તે વખતે પાસેના થોડાક જ ભક્તોને સ્વામીએ કહ્યું – “ આજે મને ગળાથી લઈને ચરણ સુધી પહોંચે એટલો લાંબો તુલસીનો હાર કોણ પહેરાવશે?” ત્યારે આ સાંભળીને બધા ભક્તોએ પાસેના તુલસી વૃંદાવનમાંથી તુલસીપત્ર લાવીને પોતાના અંદાજ મુજબ હાર બનાવવાની શરૂઆત કરી. સ્વામીએ પોતે પણ એક હાર બનાવ્યો. જ્યારે બધાની હાર તૈયાર થયા અને બધાએ એક પછી એક પોતાનો હાર સ્વામીને પહેરાવ્યો, નહોતો ત્યારે એવું. જ્યારે ધ્યાનમાં સ્વામીએ આવ્યું પોતે કે, એક બનાવેલો પણ હાર હાર સ્વામીના પહેર્યો, ચરણ ત્યારે સુધી તે ચરણ પહોંચતો સુધી  પહોંચ્યો. બધાને ખૂબ જ મજા આવી અને આનંદ થયો.

ત્યાર પછી સ્વામીએ બધા હાર ભેગા કર્યા અને તેનો એક દડો બનાવ્યો અને બધાને એક કુંડાળુ કરીને ઊભા રહેવાનું કહ્યું. સ્વામી તે દડો બધાની તરફ નાંખવા લાગ્યા. થોડીવાર પછી તેનો વેગ એટલો વધ્યો કે, સ્વામી તે દડો પોતાની તરફ જ નાંખે છે એવું બધાને જણાવા લાગ્યું. આ આનંદ તો અવર્ણનીય જ હતો. જે હૃદયવિહારી સ્વામીએ ભક્તોને પ્રાપ્ત કરી આપ્યો હતો.

||ૐ  શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ||